જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૧૦/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૧૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૫૨ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૫૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૦ બિયર ટીન, ૦૨ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૫૧૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૫૧૭/૨૦૨૬**

ક્રાઇમ બ્રાન્ચઃ રોહીતકુમાર નટવરલાલ પટેલ (ઉ.વ.૪૬)(રહે.પર્પલ પેચ, શાલીન હોસ્પિટલ સામે શુકન મોલ ચાર રસ્તા, સાયન્સ સીટી) એ તા.૨૬/૧૦/૨૦૨૬ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે ઓગષ્ટ/૨૦૨૫ થી તા.૨૬/૧૦/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન પકવાન ચાર રસ્તા એપોલો સીવીએચએમ હોસ્પિટલ તેમજ રોહીતકુમાર પટેલ નાઓની ઉસ્માનપુરા ચાર રસ્તા સેન્ટ્રલ બિઝનેશ સ્પેસ નામની બિલ્ડીંગ ખાતે આવેલ ઓફીસ તેમજ ડ્રીમ રાઇઝ હીતાર્થ પાર્ટી પ્લોટની બાજુમાં સાયન્સ સીટી રોડ ખાતે આરોપી સમીર અમિત શાહ (રહે.ઓશવાલ કોલોની શુમેર કલબ રોડ ડીઆઈજી વિજય પ્લોટ જામનગર) એ પોતે શીપીંગમાં ઈમ્પોર્ટ એક્સપોર્ટનો ધંધો હાલ નહીં કરતા હોવા છતા તે ધંધાના વેપારી તરીકે ખોટી ઓળખ આપી ધંધામાં મુડી રોકાણ મુજબનો નફો આપવાનું જણાવી એક વખત મુડી રોકાણના નામે રૂપિયા લઈ પરત રૂપિયા ચુકવી રોહીતકુમારને વિશ્વાસમાં લઈ અલગ–અલગ સમયે કુલ રૂપિયા ૩,૦૦,૦૦,૦૦૦/– બેંક ટ્રાન્જેક્શનથી ધંધામાં રોકાણ કરવાનુ કહી મેળવી લઈ રૂપિયા પરત નહી ચુકવી રોહીતકુમાર પટેલ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.કે.ડીંડોર ચલાવે છે.

નિકોલઃ વિકાશ જયંતીભાઇ કમાણી (ઉ.વ.૩૧)(રહે.હીલટાઉન રેસીડન્સી ભક્તિ સર્કલ પાસે નિકોલ) એ તા.૨૬/૧૦/૨૦૨૬ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૯/૨૦૨૬ સાંજના ૬/૦૦ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન વિકાશ કમાણીના મિત્ર મોહીત અશોકકુમાર લુધાણી (રહે.સુવીધાપાર્ક પાર્શ્વનાથ કૃષ્ણનગર હાલ રહે.સુમેલ બંગ્લોઝ જૈમીની ગ્રીન સીટીની સામે ભાટ ગામ મોટેરા ગાંધીનગર) નાઓએ મિત્રતા કેળવી વિશ્વાસમાં લઇ નિકોલ રામદેવ ટી સ્ટોલ એમ.જી.રોડ ખાતેથી વિકાશ કામાણી નાઓની માલીકીની ટોયોટા કંપનીની ફોર્ચ્યુનર ગાડી નંબર જીજે.૨૭.ઇકે.૦૬૧૩ કિમત રૂપિયા ૩૭,૯૮,૬૧૦/– મેળવી લઇ નક્કી કરેલ સમય મર્યાદામાં પરત નહી આપી વિકાશ કમાણી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ઓ.તિવારી ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં.૧૫૧૮/૨૦૨૬**

આનંદનગરઃ ઘનશ્યામસિંહ સ/ઓ પ્રતાપસિંહ દાયમા (રહે. આનંદનગર ફ્લેટ આનંદનગર ૧૦૦ ફુટ રોડ પ્રહલાદનગર) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૧૦/૨૦૨૬ બપોરના ૦૩/૦૦ થી તા.૨૫/૧૦/૨૦૨૬ સાંજના ૦૭/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી લાકડાના કબાટમાંથી સોનાની લક્કી કિમત રૂપિયા ૨,૫૦,૦૦૦/–, સોનાની કાનની શેર કિમત રૂપિયા ૨૦,૦૦૦/– તેમજ એક્સીસ બેન્કના લોકરની ચાવી કિમત રૂપિયા ૧૦૦/– અને રોકડ રૂપિયા ૮,૫૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧૧,૨૦,૧૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.એસ.પરમાર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૫૧૯/૨૦૨૬**

વસ્ત્રાપુરઃ બોડકદેવ પ્રેમચંદનગર રો–હાઉસ ગેટ નંબર–૦૬ ખાતે ભાડાના મકાનમાં રહેતા શિવેંદુ કૈલાશપ્રસાદ શેખર (ઉ.વ.૩૫)(મુળ વતન. યમુના પાથ કડમા જમશેદપુર પૂર્વ સિંગભમ ઝારખંડ) એ અગમ્ય કારણસર તા.૨૫/૧૦/૨૦૨૬ રાતના ૯/૧૫ વાગ્યા પહેલા રહેણાંક મકાનમાં પંખા સાથે પ્લાસ્ટિકની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી એમ.બી.ગઢવી ચલાવે છે.

ગુજરાત યુનિવર્સીટીઃ સ્વપ્નીલ પ્રવિણભાઇ ઠાકોર (ઉ.વ.૨૮)(રહે. સુભદ્રાપુરા, ઠાકોરવાસ, ગુલબાઇ ટેકરા) એ અગમ્ય કારણસર તા.૨૬/૧૦/૨૦૨૬ બપોરના ૧૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગુજરાત યુનિવર્સીટી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જી.કુણપરા ચલાવે છે.

સાબરમતીઃ સાબરમતી અચેર રબારીવાસ ખાતે ભાડાના મકાનમાં રહેતા જ્યોતીકુમારી વા/ઓ બીપીનકુમાર રાજભર (ઉ.વ.૨૨)(મુળ વતન. ગામ–ગેયાસ્પુર તા–બલુઆ જી–સિવાન બિહાર) એ અગમ્ય કારણસર તા.૨૬/૧૦/૨૦૨૬ કલાક ૩/૦૦ વાગ્યા પહેલા રહેણાંક મકાનમાં એંગલ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.કે.રાવ ચલાવે છે.

સેટેલાઇટઃ બોડકદેવ સિંધુભવન રોડ તાજ હોટલની બાજુમાં રીયાલ્ટ કંપનીની લેબર કોલોની ખાતે રહેતા મહાવીર રાજમલ બોડાદ (ઉ.વ.૨૧)(મુળ વતન. ગામ–લરાઠી તા–ખેરવાડા જી–ઉદેપુર રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૨૫/૧૦/૨૦૨૬ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે હોટલ લેન્ડ માર્ક સામે ઝાડની ડાળી સાથે વાયર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સેટેલાઇટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નીતીનકુમાર ખુશાલભાઇ ચલાવે છે.

દાણીલીમડાઃ જયેશભાઇ કાળુભાઇ સોલંકી (ઉ.વ.૩૫)(રહે.દુધાભાઇની ચાલી ચેપીરોગ હોસ્પીટલ સામે બહેરામપુરા) એ અગમ્ય કારણોસર તા.૨૬/૧૦/૨૦૨૬ સાંજના ૭/૦૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે પડદો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ઇશ્વરભાઇ શંકરભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી